# 7 ટકા લોકોને ખબર નથી કે તેમને ડાયાબિટીસ છે

**સેવક પ્રોજેક્ટ અંતર્ગત સેવક રૂરલ હેલ્થકેર સેમિનાર યોજાયો**

**સિટી રિપોર્ટર** . વડોદરા

અમેરિકન એસોસિએશન ઓફ ફીઝીશિયન ઓફ ઈન્ડિયન ઓરિજિન અને ભારતીય સેવા સમાજ દ્વારા



રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં ડાયાબીટીસ તેમજ બ્લડ પ્રેશર અંગે અવેરનેસ લાવવાના હેતુથી 'સેવક' પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના 26 જિલ્લાઓમાં જિલ્લા પ્રમાણે એક સેવક એપોઈન્ટ કરવામાં આવેલ છે. સેવક પ્રોજેક્ટને લઈને જાગૃતિ ફેલાવવાના હેતુથી રવિવારે સેવક રૂરલ હેલ્થકેર સેમિનારનું આયોજન કરાયું હતું. સેમિનારમાં પ્રોજેક્ટ અને તેની કામગીરી અંગે ચર્ચા કરાઈ.

પ્રોજેક્ટ વિશે અમેરિકા સ્થિત ડોક્ટર અને પ્રોજેક્ટ કોર્ડિનેટર ડો ઠાકોર પટેલે જણાવ્યું હતું કે, 'પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ગ્રામવાસીઓના જીવનમાં અને ગામમાં વિવિધ ક્ષેત્રોમાં સુધાર અને સેવા કરવાનો છે. ગામડાઓમાં નિમણૂંક કરાયેલો સેવક લોકોના સંપર્કમાં આવી અને હાઈપર ટેન્શન, ડાયાબીટીસ ન થાય તે અંગેની કાળજી કેમ રાખવી તે અંગે માહિતી આપે છે. સેવક પ્રોજેકટની શરૂઆત વર્ષ 2010માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પરવાનગી સાથે કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં સેવક પ્રોજેકટ અંતર્ગત 20,000 જેટલા લોકોનું સર્વેક્ષણ કરાયું છે, જેમાં અમે જાણ્યું કે, અંદાજે 7 ટકા લોકોને ખબર નથી કે તેમને ડાયાબિટીસ છે. જ્યારે 5 ટકા લોકો જાણતા હતા કે તેમને બ્લડપ્રેશર છે. આમ આ આંકડાઓ પ્રમાણે સેવક દ્વારા લોકોનું સ્ક્રીનિંગ થાય છે અને તેમને હોસ્પિટલમાં ચેકઅપ માટે લઈ જવામાં આવે છે. પ્રોજેક્ટ અંતર્ગત સેવકનાં રિપોર્ટ પ્રમાણે ડોક્ટરની ટીમ દ્વારા અથવા પીએચસી ખાતે ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. વડોદરા જિલ્લામાં સેવક પ્રોજેકટ કરખડી ગામમાં ચાલે છે.' ડો. ઠાકોર પટેલ અમેરિકન નેવીના રિટાયર્ડ કેપ્ટન છે.

City ભાસ્કર
It's All About a Good Life :)